હજારો વર્ષ પૂર્વે હસ્તિનાપુરના દ્વારે
ઊભી હતી એક વિધવા સ્ત્રી
તેના પાંચ દેવપુત્રોને લઈને –
ધર્મપુત્ર યુધિષ્ઠિર, વાયુપુત્ર ભીમ, અને ઇંદ્રપુત્ર અર્જુન,
તથા જોડિયાપુત્રો નકુલ અને સહદેવ -
સોહામણા અશ્વિનીકુમારો થકી જન્મ્યા જે,
કૂખે માદ્રીની, જે પણ હવે તો મૃત.
હિમ્મતવાન કુન્તીની પડખે ઊભા છે
આ સહુ તેજસ્વી રાજકુમારો –
પિતા તેમના, રાજા પાંડુના રાજ્યને
ધૃતરાષ્ટ્ર તથા તેના સો પુત્રો સાથે
ભોગવવા સમાન અધિકારે!

જ્યેષ્ઠ દુર્યોધન, અનિષ્ટનો અવતાર,
તેના પિતરાઈઓનું કાઢવા કાસળ
રચે છે પેંતરા અનેક.
‘મહેલ બાંધો લાખનો’ કહ્યું તેણે પુરોચનને,
‘તેમને મારી ભેટ’ હસ્યો તે,



'પછી બાળી મુકો મશાલોથી એ બધાંને.'
કિંતુ ચતુર વિદુરે ચેતવ્યો યુધિષ્ઠિરને ગૂઢ વચનથી.
ખોદી બાંધવોએ ઊંડી સુરંગ અરણ્ય લગીની
અને ભભૂકી આગ જે રાતે મહેલમાં,
થયાં પલાયન ત્યહીંથી વિદ્વાન બ્રાહ્મણવેશે.

હતા પાંડવો કુલીન, શૂરવીર અને સાચા.
બાંધ્યા માતા કુન્તીએ એમને સ્નેહગાંઠે.
દીધું પ્રમાણ શૂરવીરતાનું તેમની
લડીને રક્ષા કાજે નિર્ધન અને નિર્બળની:
જેમ કે, કર્યો વધ ભીમે અકરાંતિયા વકનો.
કુમારો આ, પાંચે ઉત્તમ પુરુષો, હતા હજી બ્રહ્મવેશમાં
ત્યારે એક સપરમે દિન સાંભળ્યું તેમણે કે
સ્ત્રીઓમાં સુંદરતમ્, શક્તિસ્વરુપ,
નિર્માયેલી જે પૃથ્વીને કરવા પ્રભાવિત,
પવિત્ર અગ્નિકુંડથકી પ્રગટ, અગ્નિશિખા સમાન
રાજકુંવરી દ્રૌપદી
સ્વયંવર સભામાં એકત્ર ઉચ્ચ રાજવંશીઓમાંથી

કરશે પસંદ એવો નર, જે થશે તેનો વર,
પાર ઊતરીને કસોટીમાંથી ધનુર્વિદ્યાની.
પધાર્યા એક પ્રભાતે આંગણે પ્રબુદ્ધ વ્યાસ,
'જાઓ તેના સ્વયંવરમાં, પણ ગુપ્તવેશે' કહ્યું તેમણે,
'કિંતુ રહે ધ્યાન,
ન કોઈ જાણી કે પ્રમાણી શકે તમારું સામર્થ્ય,
જ્યાં સુધી ન બનો વિજેતા સૌંદર્યવાન દ્રૌપદીના.'

હતું વાતાવરણ પ્રકાશમય અને પ્રફુલ્લિત,
મહાન રાજકુમારો ઊભા શ્રેણીબદ્ધ, રાજવી ઠાઠથી
સુવર્ણે ઝળહળિત રત્નજડિત પોશાકોમાં સજ્જ;
જ્યારે ભિક્ષાપ્રાર્થી બ્રાહ્મણવેશે વીરપુરુષ પાંચ બેઠા હતા
ભોંય પરે.
મુકાયું શક્તિશાળી ધનુષ્ય સભામધ્યે.
બાંધેલ એક ફરતું ચક્ર ઊંચે હવામાં,
જે ઝૂલતું હતું મંદ સમીરે.
'આવો વીરપુરુષો, ખેંચીને પ્રત્યંચા, કરો વેધ ઘુમતી મત્સ્યનો'
કહ્યું દ્રુપદે સહુ રાજકુમારોને.



આવ્યા તેઓ જુસ્સાભેર, આતુર પ્રતિસ્પર્ધા અર્થે,
કિંતુ લથડ્યા, હાર્યા, રજોટાયા ધૂળમાં.
કેટલું બળવાન એ શક્તિશાળી ધનુષ્ય, કેટલું દુષ્કર!
ગુમાની શિશુપાલે ખેંચ્યું સમગ્ર બળથી,
ચિરાયા સ્નાયુઓ ત્યાં લગી,
પણ સ્મિત ન દેખાયું કોઈ મુખ પર.
ઊઠ્યો માત્ર લગીર ગણગણાટ!
‘કોઈ સગાં, કોઈ રાજકુંવર, કોઈ ઉમરાવ રહ્યા ન શેષ?’
બોલી ઊઠ્યા દ્રુપદ પણ પ્રશ્ન રહ્યો અનુત્તર!
છવાઈ શાંતિ ભારેખમ ઘેરાયેલા આભમાં;
પ્રત્યેક નિરાશ હૈયે ઊઠ્યો ખળભળાટ.

ત્યાં તો ઊઠ્યો કર્ણ – સૂર્ય દ્વારા પ્રાપ્ત કુન્તીને અને
જન્મતાં જ ત્યજી દીધેલ પુત્ર, હવે તો નવયુવાન-
આવ્યો સભામધ્યે મત્સ્યવેધ કરવાને કટિબદ્ધ,
કિંતુ નકારતાં તેને બોલી ઊઠી દ્રૌપદી ઉચ્ચ સ્વરે,
‘નહીં સ્વીકાર્ય મુજને મારો સ્વામી એક સૂતપુત્ર.’
તેથી પટકી ધનુષ્ય ભોંય પર, કરી દૃષ્ટિપાત સૂર્ય સામે,

સમજી લીધું કર્ણે, નથી મુજ ભાગ્યમાં તે.
ત્યજીને ભાવ સ્વયંના ઉચ્ચ કુળનો
અતિ ક્રોધિત, વિષાદિત નીકળ્યો છોડી તે ભરી સભાને.
અને છવાઈ ચુપકીદી પછી તો સભામાં
ન ઊઠ્યો જ્યાં લગી એક બ્રાહ્મણ યુવાન,
પહોંચ્યો પ્રભાવશાળી ડગ ભરતો ફરતાં ચક્ર સમીપે,
ઉઠાવ્યું ધનુષ્ય હળવેથી, લીધો એક પળ શ્વાસ,
પરોવી તીર પાંચ, છોડ્યાં ચક્ર ભણી;
સહજ સ્મિત રમી રહ્યું મુખે તેને,
ગાજી ઊઠ્યો કોલાહલ હર્ષનો, ને ક્યંહી વળી ઉત્તાપનો!
આરોપી વરમાળા રાજકુમારીએ તે યુવાનને કંઠે.
આવ્યું કોઈ અતિ ત્વરાએ, આપ્યું એક વસ્ત્ર અર્જુનને
જે પહેરાવ્યું તેણે તેની વાગ્દત્તાને.
થયાં અદશ્ય બેઉ ભીડમાં, રહ્યા શેષ રાજવીઓ દિગ્મૂઢ.
દોરી ગયો અર્જુન લાવણ્યમયી એ કન્યાને અરણ્યમાંહે.
નિકટ પહોંચતા કુટિરની, બોલી ઉઠ્યો હર્ષાવેશમાં એ,
'પામ્યા અમે ભિક્ષામાં આજે, ફળ જે અતિ દુર્લભ!'

